# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૧/૨૨૮૬ તા.૦૮/૦૧/૨૦૨૧

પરિપત્ર- ૨૨૮૭

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તથા ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે તેમની કોલેજ, માન્ય અનુસ્નાતક કેન્દ્ર અને ભવનમાં સેમેસ્ટર-૧ માં અભ્યાસ કરતા રેગ્યુલર અને રીપીટર વિદ્યાર્થીઓની યુનિવર્સિટી દ્વારા આગામી ફેબ્રુઆરી-૨૦૨૧ માં લેવાનાર રેગ્યુલર તથા પાર્ટ એક્ઝામના પરીક્ષા આવેદન પત્રો નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા જણાવવામાં આવે છે.

| Sr. | Examination | Semester | Fee | | | | Last Date to Submit Exam Form With Regular Fees |
|---|---|---|---|---|---|---|---|
| | | | Exam Fee | Practical Fee | Form Fee | Total Fee | |
| 1. | B. A | 1 | 215 | 50 | 25 | 290 | 21/01/2021 |
| 2. | B.A. (F.D.) | 1 | 475 | 00 | 25 | 500 | 21/01/2021 |
| 3. | B.A. (I.D.) | 1 | 475 | 00 | 25 | 500 | 21/01/2021 |
| 4. | B.Com. | 1 | 215 | 50 | 25 | 290 | 21/01/2021 |
| 5. | B.SC. | 1 | 215 | 150 | 25 | 390 | 21/01/2021 |
| 6. | LL. B. | 1 | 265 | 0 | 25 | 290 | 21/01/2021 |
| 7. | B. Ed | 1 | 215 | 0 | 25 | 240 | 21/01/2021 |
| 8. | B.C.A. | 1 | 265 | 250 | 25 | 540 | 21/01/2021 |
| 9. | B.S.W. | 1 | 265 | 250 | 25 | 540 | 21/01/2021 |
| 10. | B.B.A. | 1 | 265 | 250 | 25 | 540 | 21/01/2021 |
| 11. | M.A | 1 | 515 | 0 | 25 | 540 | 21/01/2021 |
| 12. | M.Com | 1 | 515 | 0 | 25 | 540 | 21/01/2021 |
| 13. | M.Sc. | 1 | 515 | 200 | 25 | 740 | 21/01/2021 |
| 14. | M.S.W. | 1 | 515 | 0 | 25 | 540 | 21/01/2021 |
| 15. | M. Ed | 1 | 515 | 0 | 25 | 540 | 21/01/2021 |
| 16. | LL.M | 1 | 515 | 0 | 25 | 540 | 21/01/2021 |

પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

(૧) સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ પરીક્ષા આવેદનપત્ર ઓનલાઈન ભરી, વેરીફાઈ કરી તેની પ્રિન્ટઆઉટ લેવાની રહેશે.

(૨) પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટની વિગતોની સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેની સહી કરાવવાની રહેશે.

(૩) વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ પર સંબંધિત કૉલેજના આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.

(૪) પરીક્ષા આવેદન પત્રની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે અથવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામિનેશન, ગોધરાના એક્સીસ બેંકના ખાતા નં.918010086166147 (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં NEFT/RTGS થી ભરવાની રહેશે.

(૫) આચાર્યશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ, નિયત પરીક્ષા ફી ની **ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ/ફી ભર્યાની રીસીપ્ટ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં તા.૩૦/૦૧/૨૦૨૧ સુધીમાં જમા કરાવવાનો રહેશે.** (પરીક્ષા આવેદનપત્રની હાર્ડકોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની નથી)

| રૂ. ૧૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ | રૂ. ૨૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર ભરવાની છેલ્લી તારીખ | રૂ. ૫૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ | રૂ. ૧૦૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ |
|---|---|---|---|
| રેગ્યુલર ફી + રૂ. ૧૦૦/- તા.૨૩/૦૧/૨૦૨૧ સુધી | રેગ્યુલર ફી + રૂ. ૨૦૦/- તા.૨૫/૦૧/૨૦૨૧ | રેગ્યુલર ફી + રૂ. ૫૦૦/- તા.૨૭/૦૧/૨૦૨૧ | રેગ્યુલર ફી + રૂ. ૧૦૦૦/- તા.૨૮/૦૧/૨૦૨૧ |

(૬) યુનિવર્સિટી ખાતે પરીક્ષા આવેદન પત્રનું ચેકલીસ્ટ મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ. અધુરી કે ખોટી વિગતોવાળા આવેલ આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૭) કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

નોંધ:
- બી.એ. અને બી.કોમ. અભ્યાસક્રમમાં પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવતી હોય તે વિષયો માટે વિદ્યાર્થી દીઠ દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૨૯૦/- તથા પ્રાયોગિક કાર્ય સિવાયના વિષયો માટે વિદ્યાર્થી દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૨૪૦/- લેવાની રહેશે.
- પોર્ટલમાં દર્શાવેલ પરીક્ષા આવેદન ફીની કુલ રકમ વિદ્યાર્થી દીઠ રૂ. ૪.૫૦/- કપાત કરીને ગણતરીમાં લીધેલ હોય પોર્ટલમાં દર્શાવ્યા મુજબની પૂરી ફી ભરવી.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તથા ભવનોનાકો-ઓર્ડીનેટરશ્રીઓતરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.